# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-06-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAIN OVERALL

રાજ્યના 60 તાલુકાઓમાં આજે સાર્વત્રિક વરસાદ નોંધાયો છે, જેમાં ખેડામાં સૌથી વધુ બે ઇંચથી વધુ, જૂનાગઢના વિસાવદરમાં અને વડોદરાના ડેસરમાં પોણા બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

દરમિયાન, રાજ્ય સરકાર દ્વારા ચોમાસાની શરૂઆતમાં જ તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે અને ગાંધીનગરથી એનડીઆરએફની વધુ ચાર ટીમો ગીર સોમનાથ, દ્વારકા, ભાવનગર તેમજ નર્મદામાં મોકલવામાં આવી છે. અગાઉ કચ્છ, રાજકોટ અને વલસાડમાં એક એક ટીમ મોકલવામાં આવી હતી.

ગતમોડી રાતથી અત્યાર સુધીમાં કેટલાંક સ્થળો વરસાદ થયો હોવાના અહેવાલ છે, જેમાં અરવલ્લીમાં મેઘરજ અને માલપુર તાલુકામાં વરસાદી વરસ્યો હતો.

પંચમહાલ જિલ્લામાં હાલોલ, કાલોલ, ઘોઘંબા, જાંબુઘોડા, શહેરા, ગોધરા સહિતના પંથકમાં વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતો આનંદિત થયા છે. જ્યારે ઘોઘંબાના પાલ્લા ગામે એક કાચા ઘર પર વીજળી પડતા બે બળદ અને શ્વાનનું મોત નીપજ્યુ હતું.

મહીસાગર જિલ્લાના વિરપુરમાં એક ઇંચ જેટલો વરસાદ થતાં નીચાણવાળા વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાઇ ગયા હતા..

ભાવનગરના ગોહિલવાડ પંથકમાં અડધાથી એક ઇંચ વરસાદ પડ્યો હતો. જિલ્લાના વલભીપુરમાં એક ઇંચ, ઉમરાળા અને સિહોરમાં અડધા ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. જ્યારે જિલ્લાના અન્ય તાલુકામાં હળવા ઝાપટા થયા હોવાના અહેવાલ છે..

# Gandhinagar Mayor Meeting

ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી ખાતે મેયર મીરાં પટેલની અધ્યક્ષતામાં ચોમાસા પૂર્વેની કામગીરીની સમીક્ષા અંગે બેઠક યોજાઈ હતી. બેઠકમાં મહાનગરપાલિકાની તમામ શાખાઓ દ્વારા ચોમાસા પૂર્વેની તૈયારી અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સ્થાયી સમિતિના અધ્યક્ષ ગૌરાંગ વ્યાસે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# CBI NEET

કેન્દ્રીય તપાસ સંસ્થા-સીબીઆઈએ NEET- UGની પરીક્ષા અંગે બિહાર, ગુજરાત અને રાજસ્થાનમાં નોંધાયેલા પાંચ કેસ પોતાને હસ્તક કર્યા છે. ગઇકાલે સીબીઆઈની ટીમ ગોધરા પહોંચી હતી અને ગોધરા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદને લગતાં તમામ દસ્તાવેજો હસ્તગત કર્યા હતા. આ મામલે ગુજરાત અને બિહારમાં એક-એક જ્યારે રાજસ્થાનમાં ત્રણ કેસ દાખલ કર્યા છે.

# SHALA PRAVESHOTSAV

રાજ્યમાં આવતીકાલથી 28મી જૂન સુધી યોજાનારા શાળા પ્રવેશોત્સવ દરમિયાન ૫૩ હજારથી વધુ આંગણવાડીઓમાં બાળકોને ગણવેશ પણ અપાશે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યની ૫૩ હજારથી વધુ આંગણવાડીઓના ૩ થી ૬ વર્ષના અંદાજે ૧૫ લાખથી વધુ બાળકોના સર્વાંગી વિકાસ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. બાળકોના શિક્ષણ અંગે ખાસ ૧૦૦ ટકા રાજ્ય સરકારના ફાળાથી યુનિફોર્મ તેમજ શૈક્ષણિક સાધન-સામગ્રી આંગણવાડીમાં ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

રાજયના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ શાળા પ્રવેશોત્સવ વખતે જ બાળકને ગણવેશ મળે તે માટે સૂચના આપી હતી. સમગ્ર રાજ્યની આંગણવાડીઓના બાળકોને રાજ્યના મંત્રીઓ, મહાનુભાવો તેમજ અધિકારીઓ દ્વારા વિતરણ કરાશે.

# KANYA KELVNI- RATHYATRA

કન્યા કેળવણી રથયાત્રાને કારણે રાજ્યની દીકરીઓના શિક્ષણમાં સુધારો જોવા મળી રહ્યો છે અને પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થિનીઓનો સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો 1.31 ટકા જેટલો રહ્યો છે.

રાજ્યની વધુને વધુ દીકરીઓ શિક્ષણ મેળવે અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે, તે માટે રાજ્ય સરકાર દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા યોજે છે. આ વર્ષે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં શિક્ષણ વિભાગ દ્વારા 21મી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા આયોજીત કરાઇ છે.

કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે કન્યા કેળવણી રથયાત્રા ઉપરાંત વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના, વ્હાલી દીકરી યોજના, સરસ્વતી સાધના યોજના, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના વગેરે જેવી શૈક્ષણિક પહેલો અને યોજનાઓ રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવવામાં આવી છે. આ ઉપરાંત, કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ પણ રાજ્યમાં સફળતાપૂર્વક અમલી બનાવવામાં આવી છે.

# GPSC- BHARTI

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કુલ 500 જેટલી જગ્યાઓ પર ભરતી બહાર પાડવામાં આવી છે, જે મુજબ ખેતી મદદનીશની 436 જગ્યાઓ, બાગાયત મદદનીશની 52 જગ્યાઓ અને અતિથિ ગૃહમાં મેનેજરની 14 જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. આ માટે ઉમેદવારો 1 જૂલાઈથી 20 જૂલાઈ સુધી ઓજસ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે.

# AMRUT MODI DEATH

ગાંધી આશ્રમના ડીરેક્ટર અને  સંચાલક અમૃતભાઈ મોદીનું આજે નિધન થયું છે.. આજે વહેલી સવારે અમદાવાદમાં ચાંદખેડા ખાતે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. અમૃત મોદીના પાર્થિવ દેહને ગાંધી આશ્રમ ખાતે અંતિમ દર્શન માટે લાવવામાં આવ્યો હતો. જ્યાં ઉપસ્થિત ગાંધીવાદીઓએ અને લોકોએ તેમના અંતિમ દર્શન કરીન તેમને શ્રધ્ધાંજલી અર્પી હતી..તેમના પરિવારમાં એમનાં મોટા દીકરા હસમુખભાઈ છે. તેમની અંતિમ ક્રિયા વાડજ સ્મશાનગૃહ ખાતે કરવામાં આવી હતી..

અમૃતભાઇ મોદીએ ગાંધીઆશ્રમનું દશકાઓ સુધી સફળ સંચાલન કર્યું હતુ. જ્યારે પણ કોઇ વિદેશી મહેમાન ગાંધીઆશ્રમની મુલાકાતે આવતા ત્યારે અમૃતભાઇ મોદી ગાંધી આશ્રમની મુલાકાત કરાવીને તેની રજેરજની માહિતી આપતા હતા...

# TRAIN CANCEL

પશ્ચિમ રેલવે દ્વારા મહેસાણા-પાલનપુર વિભાગમાં કામલી-સિદ્ધપુર સ્ટેશન વચ્ચે ડબલ ટ્રેકનું કામ ચાલતું હોવાથી આજે બ્લૉક લેવાયો છે, જેના કારણે અનેક ટ્રેનને અસર થઈ છે.

આજે મહેસાણા-આબુ રોડ ડેમુ સ્પેશિયલ ટ્રેન, જ્યારે આવતીકાલે આબુ રોડ-મહેસાણા ડેમુ સ્પેશિયલ ટ્રેન રદ રહેશે. ઉપરાંત આજે જોધપુરથી ચાલતી જોધપુર-સાબરમતી એક્સપ્રેસ ટ્રેન આબુ રોડ સ્ટેશન સુધી ચાલશે.. તેમજ આ ટ્રેન આબુ રોડ-સાબરમતી વચ્ચે આંશિક રીતે રદ રહેશે. તો આવતીકાલે સાબરમતીથી ચાલતી સાબરમતી-જોધપુર એક્સપ્રેસ ટ્રેન આબુ રોડથી જશે.